---

બોટાદ ના મહે. પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું.બોટાદ

---

**પર.દિ.અ.નંબર–૩૨/૨૦૨૫**

**(એલ.એ.આર નં–૨૩/૨૦૨૦) નાકામે આંક–૧ લગત હુકમ**

**અરજદાર:** **સ્વ જીલુભાઈ દાનુભાઈના વારસો**

**(૧). જીવુબેન દાનુભાઈ પરમાર તે રાયસંગભાઈ સોંલકીની પત્ની,**

**(૨) ગુ. પામુબેન દાનુભાઈ પરમાર તે દીપસંગભાઈ રાઠોડની પત્નીના વારસો,**

**(૨.૧) હેમતસંગભાઈ દીપસંગભાઈ રાઠોડ**

**(૨.૧) જામસંગભાઈ દીપસંગભાઈ રાઠોડ**

**(૩) ગુ. હાલુભાઈ દાનુભાઈ પરમારના વારસો**

**(૩.૧) બાજુબેન હાલુભાઈ પરમાર**

**(૩.૨) રણજીતસીંહ હાલુભાઈ પરમાર**

**(૩.૩) વિક્રમસીંહ હાલુભાઈ પરમાર**

**(૩.૪) નીતાબેન હાલુભાઈ પરમાર**

**(૪) જામબા દાનુભાઈ પરમાર તે ગગજીભાઈ તુરની પત્ની**

**(૫) ધીરુભાઈ દાનુભાઈ પરમાર**

**(૬) રુપસંગભાઈ દાનુભાઈ પરમાર**

**(૭) રામસંગભાઈ દાનુભાઈ પરમાર**

રહે. ભીમડાદ, તા: ગઢડા, જી.બોટાદ.

:: વિરૂધ્ધ ::

**સામાવાળા :** (૧) **નાયબ કલેક્ટર, જમીન સંપાદન અને પુન:વસવાટ**

**ઠે. ૩, જીલ્લા સેવા સદન, શશીકુંજ સામે જુનાગઢ**

(૨) **કાર્યપાલક ઈજનેરશ્રી, સીંચાઈ અને જાળવણિ વિભાગ,**

ઠે. કાનીચાડ વસાહત, ભાવનગર રોડ, તા.જી.બોટાદ.

**બાબત: – જજમેન્ટ એવોર્ડના પાલનમાં સામવાળાએ જમા કરાવેલ વળતરની રકમ મેળવવા બાબત.**

---

**અરજદાર ના વિ.વ.શ્રી કે. વી. ધાંધલ ,**
**સામાવાળા ના વિ.વ.શ્રી.ડી.જી.પી.કે.એમ.મકવાણા**

---

૧. આ કામના અરજદાર **સ્વ જીલુભાઈ દાનુભાઈના વારસો (૧). જીવુબેન દાનુભાઈ પરમાર તે રાયસંગભાઈ સોંલકીની પત્ની,(૨) ગુ. પામુબેન દાનુભાઈ પરમાર તે દીપસંગભાઈ રાઠોડની પત્નીના વારસો, (૨.૧) હેમતસંગભાઈ દીપસંગભાઈ રાઠોડ (૨.૧) જામસંગભાઈ દીપસંગભાઈ રાઠોડ (૩) ગુ. હાલુભાઈ દાનુભાઈ પરમારના વારસો (૩.૧) બાજુબેન હાલુભાઈ પરમાર (૩.૨) રણજીતસીંહ હાલુભાઈ પરમાર (૩.૩) વિક્રમસીંહ હાલુભાઈ પરમાર (૩.૪) નીતાબેન હાલુભાઈ પરમાર (૪) જામબા દાનુભાઈ પરમાર તે ગગજીભાઈ તુરની પત્ની (૫) ધીરુભાઈ દાનુભાઈ પરમાર (૬) રુપસંગભાઈ દાનુભાઈ પરમાર(૭) રામસંગભાઈ દાનુભાઈ પરમાર** રહે. ભીમડાદ, તા: ગઢડા, જી.બોટાદ. નાઓએ એલ.એ.આર નંબર ૨૩/૨૦૨૦ ના કામે થયેલ હુકમ મુજબ હુકમનામા ના સંદર્ભે સામાવાળાએ અત્રેની કોર્ટમાં જમા કરાવેલ રકમ મેળવવા માટે ની અરજી કરેલ છે.

૨. સદર અરજી દાખલ થતા સામાવાળાનાઓને નોટીસથી બજવણી કરવામાં આવેલ તેમજ સામાવાળા નંબર–તર્ફે શ્રી ડી.જી.પી.શ્રી કે.એમ.મકવાણા નાઓ હાજર છે. સદર કામે આકં–૧ લગત હુકમ મુજબ નાઝરશ્રીનો શેરો વંચાણે લેતા સામાવાળા તરર્ફે સીવીલ સી રજી નંબર– ૯૯ તા. ૨૭/૧૨/૨૦૨૪ થી કુલ રકમ રૂ. ૩,૨૧,૨૪૯/– (અંકે રુપીયા ત્રણ લાખ એકવીસ હજાર બસ્સો ઓગણપચાસ પુરા) અત્રેની કોર્ટ માં સદર કામે જમા કરાવેલ હોય જેની નાઝરશ્રી, ના નામની નેશનલાઈઝ બેંક માં ફીકસ ડીપોઝીટ કરાવી અત્રેની કોર્ટ માં જમા છે.

(૨) સદર અરજી દાખલ થતા સામાવાળા દ્વારા આંક– ૫ થી નો– ઓબજેકશનનો પુરસિસ રજુ કરેલ છે. જે વંચાણે લીધી.

વધુમાં અરજદાર તર્ફે માર્ક –૩/૪ થી ભવીષ્યમાં સદર વળતરની રકમ બાબતે કોઈ વાંધો, તકરાર કે ડીસ્પ્યુટ ઉભો થાય તો તે સંબધે વળતરની રકમ પરત જમા કરાવવાની બાંહેધરીપત્ર રજુ કરેલ છે. વધુમાં અરજદારે પોતાની અરજી સાથે માર્ક –૩/૪ થી જણાવે છે કે એલ.એ.આર ના કામે થયેલ હુકમ વિરૂધ્ધ કોઈ અપીલ થયેલ નથી કે આવી અપીલના કામે તેમને કોઈ નોટીસ બજેલ નથી તેવી હકીકત જાહેર કરેલ છે. વધુમાં અરજદાર તર્ફે પોતાની અરજી સાથે હુકમનામાની ખરી નકલ તથા નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે જે વંચાણે લીધા.

| અનુ નં | વિગત | આંક/ માર્ક |
|---|---|---|
| ૧ | લે.રે. નં.૨૩/૨૦૨૦ ના કામના હુકમનામાની એવોર્ડ | માર્ક–૩/૧ |

| | | |
|---|---|---|
| | ની ખરીનકલ | |
| ૨ | વળતરની રકમનો ચેક અરજદાર નં ૩/૨ ને આપવા સમંતીસોગંદનામુ, ગુ. જીલુભાઇ દાનુભાઇના પેઢીનામાની અસલ નકલ, ગુ. જીલુભાઇ ની:સંતાન મરણ પામ્યાનો દાખલો, અરદારોના આધાર કાર્ડ, પામુબેન દાનુભાઇ નો મરણ નો દાખલો, ગુ. હાલુભાઇ દાનુભાઇ પરમારના મરણનો દાખલો | માર્ક–૩/૩ |
| ૩ | વળતરની રકમ અંગે અરજદારોનુ અંડરટેકીગ | માર્ક–૩/૪ |
| ૪ | અરજદાર ન.૩/૨ ની બેંક પાસબુકની ઝેરોક્ષ | માર્ક–૩/૫ |
| ૫ | ગુ. જીલુભાઇ દાનુભાઇ ના મરણના દાખલાની ઝેરોક્ષ | માર્ક– ૯/૧ |

**(૩)** વધુમાં સદર અરજી તળે નાઝરશ્રી, પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, બોટાદ નાઓનો રીપોર્ટ રજુ છે, જે રીપોર્ટમાં સામાવાળા તર્ફે સદર કામે રકમ જમા કરાવવામાં આવેલ જેની વિગત આંક–૧ ની અરજી લગત જણાવવામાં આવેલ છે જે ધ્યાને લઈ સીવીલ ''સી'' રજીસ્ટ્રરમાં સામાવાળાએ જમા કરાવેલ રકમ જીલુભાઇ દાનુભાઇ ના નામે જમા કરાવેલ છે. જે રકમ ની નેશનલાઈઝ બેંક માં'' નાઝરશ્રી,પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ,બોટાદ'' ના નામની ફીકસ ડીપોઝીટ કરાવેલ છે. ઉપરોકત હકીકતો ધ્યાને લેતા સામાવાળાએ જમા કરાવેલ વળતરની રકમ અરજદાર **સ્વ** જીલુભાઇ દાનુભાઇ **વારસો** ને મળવા પાત્ર થાય છે.

**(૪)** આમ આ કામે નામદાર કોર્ટના હુકમ મુજબ સામાવાળાએ ગણતરી કરી અત્રેની કોર્ટમાં અરજદારને ચુકવવાપાત્ર રકમ જમા કરાવેલ છે જે રકમની અરજદારે માંગણી કરેલ છે જે બાબતે અરજદાર **સ્વ** જીલુભાઇ દાનુભાઇ **વારસો**

નાઓને ઓળખ અંગેના દસ્તાવેજો તપાસી તેઓના નામનો એકાઉન્ટ પેઈ ચેકથી ચુકવી આપવી ન્યાયીક જણાતુ હોય આથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

(૧) આ કામના અરજદાર **સ્વ જીલુભાઈ દાનુભાઈના વારસો(૧). જીવુબેન દાનુભાઇ પરમાર તે રાયસંગભાઈ સોંલકીની પત્ની, (૨) ગુ. પામુબેન દાનુભાઇ પરમાર તે દીપસંગભાઈ રાઠોડની પત્નીના વારસો, (૨.૧) હેમતસંગભાઈ દીપસંગભાઈ રાઠોડ (૨.૧) જામસંગભાઈ દીપસંગભાઈ રાઠોડ (૩) ગુ. હાલુભાઈ દાનુભાઈ પરમારના વારસો (૩.૧) બાજુબેન હાલુભાઈ પરમાર (૩.૨) રણજીતસીંહ હાલુભાઈ પરમાર (૩.૩) વિક્રમસીંહ હાલુભાઈ પરમાર (૩.૪) નીતાબેન હાલુભાઈ પરમાર (૪) જામબા દાનુભાઈ પરમાર તે ગગજીભાઈ તુરની પત્ની (૫) ધીરુભાઈ દાનુભાઈ પરમાર (૬) રુપસંગભાઈ દાનુભાઈ પરમાર(૭) રામસંગભાઈ દાનુભાઈ પરમાર** રહે. ભીમડાદ, તા: ગઢડા, જી.બોટાદ. નાઓની હાલની આ અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારે કરેલ એલ.એ.આર નંબર -૨૩/૨૦૨૦ ના કામે સામાવાળાએ અત્રેની કોર્ટમાં સ્વ **સ્વ જીલુભાઈ દાનુભાઈના** રહે. ભીમડાદ, તા: ગઢડા, જી.બોટાદ ના નામે વળતરની રકમ રૂ. ૩,૨૧,૨૪૯/- (અંકે રુપીયા ત્રણ લાખ એકવીસ હજાર બસ્સો ઓગણપચાસ પુરા) જમા કરાવેલ જેની નાઝરશ્રી, પ્રીન્સીપાલ સીનીયર સીવીલ કોર્ટ, બોટાદ ના નામે એફ.ડી કરાવેલ હોય જે વળતર ની વ્યાજ સહીતની રકમઅત્રેની અદાલતમાં નાઝરશ્રીએ જમા કરાવવા કાર્યવાહી

કરવી. તેમજ સદર જમા કરવામાં આવેલ રકમ માંથી હુકમનામામાં જણાવ્યા મુજબ ની કોર્ટ ફી ની રકમ રૂ. ૬૭૫/– (અંકે છસ્સો પંચોતેર પુરા) સરકારશ્રીમાં જમા કરાવવી તથા બાકી રહેતી રકમ અરજદાર **સ્વ જીલુભાઈ દાનુભાઈના** વારસોની અરજી તથા સમંતી પત્રકોમાં જણાવ્યા મુજબ અરજદાર નંબર– ૩/૨ રણજીતસીંહ હાલુભાઈ પરમા4 ભીમડાદ, તા: ગઢડા, જી.બોટાદનાઓની નીયમોનુસાર ઓળખની ખરાઈ કરી એકાઉન્ટ પેઈ ચેક મારફતે ચુકવી આપવાનો નાઝરશ્રીને હુકમ કરવામાં આવે છે.

(૩) ભવિષ્યમાં જો આ રકમ અંગે વિવાદ ઉત્પન્ન થાય તો સદર રકમ અરજદારે તાત્કાલીક અસરથી અત્રેની અદાલતમાં જમા કરાવવાની રહેશે.

(૪) આ હુકમની એક નકલ નાઝરશ્રીના રેકર્ડમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) ખર્ચ અંગે કોઈ હુકમ કરેલ નથી.

હુકમ આજ તા. ૨૫/૦૫/૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૨૫/૦૫/૨૦૨૬ **(એન.એચ.શેખ)**
બોટાદ પ્રીન્સી. સીની. સીવીલ જજ,બોટાદ
જી.જે.૦૦૮૬૩